પ.ફો.અરજી નં ૧૩/૨૬

આંક ૧ તળે હુકમ

૧ અરજી વંચાણે લીધી તેમજ ફરીયાદપક્ષે વિ.વ.શ્રી જે.પી.વાઘેલા તેમજ આરોપીપક્ષે વિ.વ. શ્રી બી.એફ.ડાભી નાઓને સાંભળ્યા.

૨ ફરીયાદપક્ષે ચેક વણચૂકવ્યો પરત થતા સમય મર્યાદામાં ફરીયાદ દાખલ કરવી જોઇએ જે સમય માં ફરીયાદ દાખલ ન થતા હાલની ફરીયાદ દાખલ થતા દિન ૩૦ નો વિલંબ થયેલ છે જે દર ગુજર કરવા હાલ ની અરજી રજુ કરેલ છે. જેના સમર્થન માં શ્રી વાઘેલાએ દલીલ કરેલ હતી કે, ફરીયાદી ગંભીર રીતે બીમાર હતા જેથી સમયે ફરીયાદ દાખલ કરી શકેલ નથી. જે બાબતેના આધાર રજુ કરેલ છે. સબબ થયેલ વિલંબ માફ કરવા વિનંતી કરેલ છે.

૩ આરોપીપક્ષે હાલની અરજી સામે વાંધો લેતા રદ્ કરવા માંગણી કરેલ હતી અને દલીલ કરેલ હતી કે રજુ કરવામાં આવેલ મેડી. પેપર્સ મુજબ ફરીયાદી પથારીવશ હતા તેવુ જણાતુ નથી. સબબ હાલ ની અરજી રદ્ કરવા વિનંતી કરેલ હતી.

૪ પક્ષકારો ના વિ.વ.શ્રીઓની દલીલ સાંભળતા, આ કામે ફરીયાદ સમય મર્યાદામાં દાખલ કરવામાં આવેલ નથી તે નિર્વિવાદ હકિકત છે. તે સિવાય, આ કામે ફરીયાદી જે તે સમયે બિમાર હતા તે દર્શાવવા સબબ જે આધાર રજુ કરવામાં આવેલ છે તે મુજબ, તા. ૨૭/૧૧/૨૫ ના રોજ ફરીયાદી બળદેવભાઇ બનાસ મેડીકલ કોલેજમાં સારવાર માટે ગયેલ હોય તેમ જણાય છે. તેમજ તા. ૧૫/૧૨/૨૫ ના રોજ જુદાજુદા રીપોર્ટ કરાવેલ હતા. તે હકિકત થી સ્પષ્ટ થાય છે કે તા. ૨૭/૧૧/૨૫ થી ૧૫/૧૨/૨૫ ના રોજ ફરીયાદી માંદગી સબબ સારવાર હેઠળ હતા. અને તે સ્થિતીએ કોર્ટ માં ફરીયાદ દાખલ ન કરી શકે તે સ્વાભાવીક જણાય છે તે સિવાય, જો કોઇ ઇસમ ની શારિરીક સ્થિતિ ન સારી હોય તો, સમજુ ઇસમ સૌપ્રથમ સારવાર કરાવવા સબબ વિચારે.

૫ ઉપરોક્ટ હકિકત સિવાય, જો હાલની અરજી મંજુર કરવામાં આવશે તો ફરીયાદ નો નિકાલ તેના મેરીટ આધારીત થશે તેમજ આ કામે આરોપી પાસે પણ તેના બચાવ

ની પુરતી તક રહેલ છે. હાલ ની અરજી મંજુર કરવા થી આરોપી ને કોઈપણ પ્રકાર નુ નુકશાન થવાની સંભાવના રેહલ નથી.

૬ કેસ દાખલ કરવા સબબ જ્યારે વિલંબ માફ ની અરજી અદાલત સમક્ષ રજુ કરવામાં આવે છે ત્યારે ના. વડી અદાલત તેમજ ના. સુપ્રિમ કોર્ટ ના સંખ્યાબંધ ચુકાદાઓ છે જેમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, પક્ષકાર તર્ફે થયેલ વિલંબ બાબતે અદાલત ને સંતોષ પમાડે તેવા પુરતા કારણ રજુ કરેલ હોય તો તે પરત્વે અદાલતે ઉદાર વલણ દાખવી ને તેવો થયેલ વિલંબ માફ કરવો જોઇએ. આ કામે ફરિયાદીએ રજુ કરેલ આધાર વંચાણે લેતા તેમાં ઊચીત કારણ જણાય આવે છે. સબબ તેવા સિધ્ધાંત ધ્યાને લેતા, આ કામે ફરીયાદ દાખલ કરવા થયેલ દીન ૩૦ નો વિલંબ ખર્ચ ના હુક્મ સાથે માફ કરવો ન્યાયોચીત જણાય આવે છે. સબબ. હુ નીચે મુજબ નો હુકતમ ફરમાવુ છુ,

## <u>આખરી હુકમ</u>

ફરીયાદપક્ષે રજુ થયેલ હાલ ની અરજી આથી મંજુર કરવામાં આવે છે. ફરીયાદપક્ષ ખર્ચ ના રૂ ૧૦૦૦/– અંકે રુપીયા એક હજાર પુરા ડી.એલ.એસ.એ. પાલનપુર સમક્ષ આજથી દીન ૭માં ભરપાઇ કર્યે થી સદર ફરીયાદ ને ફોજદારી રજીસ્ટરે લેવા હુક્મ કરવામાં આવે છે.

હુક્મ આજરોજ તા. ૩૦/૬/૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કરે છે.

તા. ૩૦/૬/૨૬<br>
પાલનપુર

સી.એન.મારફતિઆ<br>
એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ<br>
પાલનપુર<br>
જીજે ૦૦૮૮૮